# <u>જાહેરનામું</u>

<u>પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક/ગ/ઉપક/૩૪૬/૨૦૧૨ તા. ૨૬/૭/૨૦૧૨</u>
<u>વંચાણે લીધા:</u>

(૧) જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૧૩૨/૨૦૦૩ તા. ૧૮/૧૨/૨૦૦૩
(૨) જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૧૩૫/૨૦૦૪ તા. ૨૫/૨/૨૦૦૪
(૩) જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૧૩૯/૨૦૦૪ તા. ૫/૩/૨૦૦૪
(૪) જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૩૬૩/૨૦૦૪ તા. ૨૧/૬/૨૦૦૪
(૫) જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૪૪૬/૨૦૦૪ તા. ૯/૮/૨૦૦૪
(૬) જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૫૫૬/૨૦૦૪ તા. ૧/૧૧/૨૦૦૪
(૭) જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૫૫૭/૨૦૦૪ તા. ૧૬/૧૧/૨૦૦૪
(૮) જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૪૦૭/૨૦૦૭ તા. ૧૯/૫/૨૦૦૭
(૯) જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૬૭૦/૨૦૦૮ તા. ૨૬/૩/૨૦૦૮
(૧૦) જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૬૭૧/૨૦૦૮ તા. ૨૬/૩/૨૦૦૮
(૧૧) જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૨૭૭/૨૦૦૮ તા. ૨૨/૭/૨૦૦૮
(૧૨) જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૧૩૫૫/૨૦૦૮ તા. ૨૫/૮/૨૦૦૮
(૧૩) જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૨૩૮/૨૦૦૮ તા. ૨૫/૧૧/૨૦૦૮

અમદાવાદ શહેરમાં વધતા જતા પ્રદુષણને અટકાવવા અને અકસ્માતને નિયંત્રિત કરવા સુપ્રિમ કોર્ટને આપવામાં આવેલી બાંહેધરીના અનુસંધાને અમદાવાદ શહેરમાં ભારે અને મધ્યમ પ્રકારના (માલવાહક વાહનો)ને સવાર કલાક ૯.૦૦ થી રાત કલાક ૨૧.૦૦ સુધી અંદર પ્રવેશ કરી શકે નહીં તે અંગે તા. ૪/૩/૨૦૦૯ ના જાહેરનામાં ક્રમાંક ગ/ઉપક/૨૫૫/૨૦૦૯ થી પ્રવેશબંધ જાહેર કરવામાં આવેલ પરંતુ ત્યાર બાદ શહેરમાં ટ્રાફિક બજાજ પ્રમાણમાં વધી ગયેલ છે. જેના કારણે અવારનવાર ટ્રાફિક જામની સમસ્યા સર્જાય છે. પ્રદુષણ વધેલ છે. અને સામાન્ય પ્રજાજનની હાલાકી વધે છે. જેને નિવારવા માટે ભારવાહક વાહનોની અવરજવરને નિયંત્રિત કરવું જરૂરી બનેલ છે. આ સંજોગોમાં જાહેર જનતાના સામુહિક હિતમાં ટ્રાફિક સરળતાથી ચાલે તે માટે ટ્રાફિક નિયમન કરવું જરૂરી બનતા તા. ૧૯/૫/૨૦૧૨ ના જાહેરનામાં ક્રમાંક ગ/ઉપક/૩૪૫/૨૦૧૨ થી પ્રવેશબંધી જાહેરનામું બહાર પાડવામાં આવેલ આ જાહેરનામાના સમર્થનમાં/વિરોધમાં તથા સુધારા વધારા માટેના સુચનો મંગાવવામાં આવેલ હતા, આ સંબંધે નાગરીકો સંસ્થાઓ તથા એસોસીએશનો તરફથી આવેલ તમામ રજૂઆતો અને સુચનોને ધ્યાનમાં લઈ જાહેર જનતાના સામુહિક હિતમાં નીચે મુજબનો હુકમ કરું છું.

ગુજરાત પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ૨૨ મા) કલમ ૩૩ (બી) આધારે મળેલ સત્તાની રૂએ હું એસ. કે. સાઈકીયા પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર, અમદાવાદ શહેર વિસ્તારમાં ભારે તથા મધ્યમ પ્રકારના માલવાહક વાહનો માટે પ્રવેશબંધી અને અવરજવર તેમજ અન્ય ટ્રાફિક સરળતાથી ચાલે તે માટે નીચે મુજબનો હુકમ કરુ છું.

<u>**હુકમ.**</u>

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળના વિસ્તારના તમામ પ્રકારના ભારે અને મધ્યમ માલવાહક વાહનો સવાર કલાક ૮.૦૦ થી રાત્રીના કલાક ૨૨.૦૦ સુધી અવરજવર કરી શકશે નહીં.

સુભાષબ્રીજ સર્કલ, સાબરમતી આશ્રમ, ઈન્કમટેક્ષ સર્કલ, વાસણા સર્કલ સુધી ભારે અને મધ્યમ પ્રકારના માલવાહક વાહનો સવાર કલાક ૭.૦૦ થી રાત્રીના કલાક ૨૨.૦૦ સુધી અવરજવર કરી શકશે નહીં.

**ભારે અને મધ્યમ પ્રકારના માલવાહક વાહનોને નીચે દર્શાવ્યા મુજબ માર્ગ અને સમય મુજબ માર્ગોનો ઉપયોગ કરવાનો રહેશે.**

(૧) આર.ટી.ઓના કામ માટે આવવા અને જવા માટે કલાક ૧૦.૦૦ થી ૧૮.૦૦ દરમ્યાનમાં ઝુંડાલ/તપોવન સર્કલથી વિસત પેટ્રોલ પંપ, અચેર ચાર રસ્તા ચિમનભાઇ પટેલ બ્રીજ થઇ આર.ટી.ઓ કચેરી.

(૨) ઇસ્કોન ચાર રસ્તાથી શીવરંજની થઇ ડાબી બાજુ વાળો ૧૩૨ ફુટ રીંગ રોડ થઇ ફક્ત આર.ટી.ઓ.કચેરીના કામ માટે આવી અને જઇ શકશે.

**ભારે અને મધ્યમ પ્રકારના માલવાહક વાહનોને નીચેના માર્ગો ઉપર ૨૪ કલાક માટે જવા આવવાની છુટછાટ આપવામાં આવે છે.**

(૧) જેતલપુર એપ્રકટ્રોયનાકા, નારોલ, વિશાલા સર્કલ થઇ ડાબા હાથે સરખેજ તેમજ જમણા હાથે એ.પી.એમ.સી.માર્કેટ.

(૨) નારોલ સર્કલથી ચંડોળા તળાવ, બહેરામપુરા ચોકી, જમાલપુર શાક માર્કેટ તરફ જતા શાકભાજીના વાહનો.

(૩) નરોડા પાટીયાથી મેમ્કો ચાર રસ્તા, નરોડા ફુટ માર્કેટના વાહનો.

(૪) સીટીએમ, હાટકેશ્વર સર્કલ, અનુપમ સિનેમા, ખોખરાબ્રીજ, કાંકરીયા રેલ્વે યાર્ડ.

(૫) અમદાવાદ શહેરમાં સપ્લાય (વિતરણ) કરતા હોય તેવા દુધ અને પેટ્રોલ ડીઝલના ટેન્કરો તથા સીએનજી એલપીજી ગેસના વાહનો.

**ભારે અને મધ્યમ પ્રકારના માલવાહક વાહનોને નીચેના માર્ગો ઉપર કલાક ૧૩.૦૦ થી ૧૬.૦૦ દરમ્યાન જવા આવવાની છુટછાટ આપવામાં આવે છે.**

(૧) નરોડા પાટીયાથી મેમ્કો ચાર રસ્તા ડાબા હાથે હીરાવાડીથી જમણા હાથે અનીલ સ્ટાર્ચ મીલ, સંજયનગર છાપરા, નિર્મલપુરા ચાર રસ્તા, ચામુંડાબ્રીજ, અસારવા ચકલા, અસારવાબ્રીજ, ઇદગાહ સર્કલ તથા આજુબાજુની ઇન્ડસ્ટ્રીયલ મીલ વિસ્તાર (પ્રેમદરવાજા સર્કલ સિવાય) દરીયાપુર સર્કલ થઇ માધુપુરા માર્કેટમાં આવી શકશે તથા તેજ રસ્તે પરત.

(૨) ઝુંડાલ સર્કલ થઇ, વિસત પેટ્રોલ પંપ, અચેર ચાર રસ્તા, પાવર હાઉસ, ચીમનભાઇબ્રીજ, સુભાષબ્રીજ સર્કલ થઇ સુભાષબ્રીજ થઇ, નમસ્તે સર્કલ થઇ, માધુપુરા માર્કેટ આવી શકશે તથા તેજ રસ્તે પરત.

(૩) નારોલ સર્કલ થઇ, ચંડોળા દાણીલીમડા પોલીસ સ્ટેશન, જુના શાહઆલમ ટોલનાકા, ભુલાભાઇ પાર્ક ચાર રસ્તા, કાંકરીયા ચોકી થઇ રેલ્વેયાર્ડમા જઇ શકશે.

(૪) અનુપમ સર્કલ થઇ રખીયાલ ચાર રસ્તા ડાબા હાથે બોમ્બે હાઉસીંગ પોલીસ લાઇન સર્કલ તેમજ રખીયાલથી અજીતમીલ ચાર રસ્તા થઇ સોનીની ચાલી સુધી તથા અજીતમીલથી નાગરવેલ હનુમાન સુધી તથા આજુબાજુના ઇન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં જઇ આવી શકશે.

(૫) દિવાન બલ્લુભાઇ સ્કુલથી ન્યુક્લોથ માર્કેટના પાછળના દરવાજા સુધી તથા તેજ રસ્તે પરત.

(૬) કાંકરીયા પોલીસ ચોકીથી આબાદ ડેરી થઇ આર્યસમાજ મંદિર થઇ બીગબજારની સામેની બાજુ ડાબી બાજુ વળી સહજાનંદ એસ્ટેટથી ડાબી બાજુ વાટી બજારમાં થઇ બીગબજાર થઇ તેજ રસ્તે પરત જઇ આવી શકશે.

(૭) નારોલ સર્કલ થી જશોદાનગર ચાર રસ્તા, સી.ટી.એમ થી ઓઢવ સુધી જમણી બાજુ અને ડાબી બાજુ અજીતમીલની ચાલી સુધી ઇન્ડસ્ટ્રીયલ તથા મીલ તરફ જવાના રોડ ઉપર તથા વિસ્તારમાં જઇ આવી શકશે.

ઉપરોક્ત છુટછાટ દરમ્યાન શહેરના માર્ગો ઉપર કોઈપણ સંજોગોમાં માલવાહક વાહન પાર્ક કરી શકશે નહી કે માલની ચડ-ઉતર કરી-કરાવી શકશે નહી. જો આદેશનું ઉલ્લંઘન કરવામાં આવે તો જાહેરનામાનો ભંગ ગણાશે.

આ જાહેરનામું ફકત ભારે અને મધ્યમ પ્રકારના માલવાહક વાહનો માટે છે. આ હુકમ એસ.ટી., કોર્પોરેશન, એ.એમ.ટી.એસ., ફાયર બ્રીગેડ, એમ્બ્યુલન્સ તથા સરકારી વાહનોને જાહેર સેવાની કામગીરી દરમ્યાન બંધનકર્તા રહેશે નહિ.

આ જાહેરનામાના આદેશનું ઉલ્લંઘન કરનાર ઈસમ મુંબઈ પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ (બી) (૪) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો અમલ તા. ૨૪/૭/૨૦૧૨ થી કરવાનો રહેશે.

આજરોજ તા. ૨૪ /૭/૨૦૧૨ ના મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા. ૨૪/૭/૨૦૧૨
અમદાવાદ શહેર.

(સહી) 24/7/12
(એસ.કે.સાઈકીયા)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના :-

૧. મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
(ગુજરાત ગર્વમેન્ટ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવા સારૂ)
૨ અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
૩. પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર
૪. કલેકટરશ્રી, જીલ્લા કલેકટરની કચેરી, ધી કાંટા, અમદાવાદ.
૫. અમદાવાદ રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા. અમદાવાદ. ( ૫ નકલ )
રજીસ્ટ્રારશ્રી, સીવીલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ ( ૫ નકલ )
રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ અમદાવાદ. ( ૫ નકલ )
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ ( ૨૫ નકલ )
૬. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર
૭. પબ્લીક પ્રોસીક્યુટરશ્રી, અમદાવાદ શહેર.
૮. સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી, અમદાવાદ શહેર.
૯. માહિતી નિયામકશ્રી સચિવાલય ગાંધીનગર (૨ નકલ)
૨/- જાણ સારૂ અને દૈનીક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

નકલ રવાના :

૧. સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર.૧ અને ૨ તથા મુખ્ય મથક, વિશેષ શાખા, અધિક પો.કમિ.શ્રી વહિવટ, અ'વાદ શહેર.
૨. તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર.
૩. તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર
૪. જનસંપર્ક અધિકારીશ્રી, કંટ્રોલ રૂમ, અમદાવાદ શહેર.
૨/- જાણ સારૂ દૈનિક પત્રોમાં, દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.
૫. તમામ પો.ઈન્સ.શ્રી ______________________ અમદાવાદ શહેર
૨/- જાણ સારૂ તેમજ પોસ્ટે વિસ્તારમાં જાહેરાત માટે અને સખત અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ
૬. મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી ટ્રાફીક શાખા અમદાવાદ શહેર (૯ નકલ)
૨/- ટ્રાફીક મોબાઈલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારૂં.